BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સિટી ઓફ બ્રૅમ્પટનનો બેકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામનો પ્રારંભ ફેબ્રુઆરી 6ના રોજ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (27 જાન્યુઆરી 2023) - સળંગ ચોથા વર્ષે, સિટી ઓફ બ્રૅમ્પટનનો બેકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ લોકલાગણીને માન આપીને ફરી શરૂ થઈ રહ્યો છે અને તેની નોંધણી પ્રક્રિયા ફેબ્રુઆરી 6ના રોજ ખુલશે.

આ પ્રોગ્રામ નિવાસીઓને ઝાડપાન વાવીને પોતાના ઘરમાં પાકેલ ઉપજને સ્થાનિક ફૂડ બેંક અને સામાજિક સંસ્થાઓને પોતાના ઘરોમાંથી જ દાન કરવા પ્રોત્સાહિત કરે છે. પ્રત્યેક સહભાગી પાંચ કોથળા માટી અને ગાર્ડન સેમ્પલર બિયારણની કિટ મેળવશે (જેમાં ત્રણ ભિન્ન પ્રકારના બિયારણનો સમાવેશ થાય છે).

આ પ્રોગ્રામની જબરજસ્ત લોકપ્રિયતા અને સફળતાને લીધે, તે ફક્ત નવા સહભાગીઓ માટે ખુલ્લું મુકાયું છે.

**2022 પ્રોગ્રામ સંખ્યાઓની દ્રષ્ટિએ**

- 2,921 સહભાગીઓ
- 14,635 માટીની કોથળીઓ અને 5,836 બિયારણના પેકેટોનું દાન કરવામાં આવ્યું હતું

પ્રોગ્રામ વિશે વધુ માહિતી માટે તેમજ બાગકામના ટુટોરિયલો અને સૂચનો માટે અહીં મુલાકાત લો www.brampton.ca/backyardgarden

**વધુ જાણકારી લો અને અમારા બેકયાર્ડ ગાર્ડન ક્લબ સાથે જોડાઓ**

જો તમે અગાઉથી બેકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામમાં ભાગ લઈ ચુક્યા છો પરંતુ તેમ છતાં સામેલ રહેવું ચાલુ રહેવું હોય - તો સિટીના માસિક બેકયાર્ડ ગાર્ડન ક્લબ સાથે જોડાઓ! તમામ બાગકામ કરતા રસિકો માટે ખુલ્લુ હોવાથી ક્લબ બાગકામને લગતી માહિતી સાથેનું માસિક ઈ-ન્યુઝલેટર પૂરું પાડે છે, બાગકામને લગતા પ્રશ્નો મોકલવાની તક સાંપડે છે, વિશેષજ્ઞો અને સમુદાયના ભાગીદારો પાસેથી બાગકામ અંગેની સલાહ અને ટેકો મળશે તેમજ અનોખી રજૂઆતો અને બીજું ઘણું બધું મળી શકશે! રજીસ્ટર કરાવવા માટે www.brampton.ca/backyardgarden ની મુલાકાત લો.

સિટી તેમના 2023 પ્રોગ્રામના ઉદાર પ્રાયોજકો સ્કૉટ્સ કૅનેડા લિમિટેડ (Scotts Canada Limited), મેટેમી હોમ્સ (Mattamy Homes), ફિલ્ડગેટ ડેવેલપમેન્ટ્સ (Fieldgate Developments)અને પેરેડાઈઝ ડેવેલપમેન્ટ્સ (Paradise Developments)નો આભાર માને છે.

**સુવાક્યો**

"7,000 પાઉન્ડ એટલેકે 3175 કિગ્રા પેદાશ જે દાનમાં મળી તેની સફળતાને આગળ ધપાવવા અને બેકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામનું ફરીથી સ્વાગત કરતા અમે રોમાંચિત છીએ. સ્થાનિક ધોરણે જરૂરિયાત ધરાવતા લોકોને આ પ્રોગ્રામ સહયોગ આપવો ચાલુ રાખે છે અને એક સમુદાય તરીકે જ્યારે આપણે ભેગા મળીએ છીએ ત્યારે આપણે સામૂહિક પરિવર્તનનું ઉદાહરણ પૂરું પાડી શકીએ છીએ. 2023ની ઉપજ આવે ત્યારે આ બધું જ ફરી જોવા હું ઉત્સુક છું!"

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

ગત વર્ષે 2,921 સહભાગીઓ સાથે, આ પર્યાવરણ સાથે મૈત્રિપૂર્ણ એવી પહેલમાં આપણા નિવાસીઓની ભાગીદારી જોવી પ્રેરણાદાયક છે જેનાથી આપણા સમુદાયમાં કેટલાયે લોકોને લાભ થાય છે. સિટી આપણા પ્રાયોજકોનો પણ ઋણી છે જેઓ વ્યવસાયોની ભૂમિકાનો સ્વીકાર કરે છે જેઓ આપણા સ્થાનિક સમુદાયને સમર્થન આપે છે અને સાથે જ એવા દરેક લોકોનો જેમણે આપણા નિવાસીઓની ખોરાકી સુરક્ષાનું સમર્થન કરતી પહેલોમાં પોતાનું યોગદાન આપ્યું છે.

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca